# બનાસડેરીએ ખેડૂતોને એક હાથમાં લાડવો આપ્યો, બીજા હાથમાંથી લઈ લીધો

## ગાય-ભેંસના દૂધના ૧ કિલો ફેટે રૂપિયા ૫૦નો ઘટાડો કરતા પડતા ઉપર પાટુ : દાણના ભાવમાં રૂપિયા ૪૦નો મામુલી ઘટાડો થતા ખેડૂતોમાં રોષ

પાલનપુર, તા. ૮

બનાસકાંઠામાં શિયાળાની ઋતુમાં ઘાસચારાની તંગી પડી રહી છે. આવા કપરા સમયે બનાસડેરીએ ગાય-ભેંસના દૂધમાં કિલો ફેટ દીઠ ફેટના ભાવમાં ઘટાડો કર્યો છે. જ્યારે સામે દાણના ભાવમાં મામુલી ઘટાડો કરી ખેડૂતોને એક હાથમાં લાડુ આપી બીજા હાથમાંથી લઈ લીધો હોય તેવી સ્થિતિમાં મૂકી દીધા છે. જેના પગલે જગતના તાતમાં રોષની લાગણી ઉઠવા પામી છે.

બનાસકાંઠાના મોટા ભાગના લોકો પશુપાલન અને ખેતીના વ્યવસાય સાથે સંકલાયેલા છે.જેઓ પોતાના પશુઓનું દૂધ ગામની મંડળીમાં ભરાવી દર ૧૫ દિવસે પગાર મેળવે છે. અને પરિવારનું ગુજરાન ચલાવે છે. જોકે, બનાસડેરીના નિયામક મંડળ દ્વારા અવાર નવાર દૂધના ભાવમાં ઘટાડો કરવામાં આવતા ખેડૂઓ મુશ્કેલીમાં મુકાતા હોય છે. જેમાં બનાસડેરીએ તા.૧-૧-૨૦૧૮ થી અમલી બને તે રીતે ગાય-ભેંસના દૂધના ૧ કિલો ફેટે રૂપિયા ૫૦નો ઘટાડો કર્યો છે. જ્યારે સામે દાણના ભાવમાં રૂ.૪૦નો ઘટાડો કર્યો છે. જેનાથી ખેડૂતોને એક હાથમાં લાડુ આપી બીજા હાથમાંથી લઈ લીધો હોય તેવી સ્થિતિમાં મૂકી દીધા છે.

### દૂધના ભાવમાં થયેલો ઘટાડો (૧કિલો ફેટે)

| પશુ | ફેટ | જૂનોભાવ | નવોભાવ |
|---|---|---|---|
| ભેંસ | ૬ | ૬૬૫ | ૬૧૫ |
| ભેંસ | ૫થી ૫.૯ | ૫૯૫ | ૫૪૫ |
| ગાય | ૩ | ૨૯૩ | ૨૭૦ |

**મંડળીને વર્ષના અંતે લાભ થશે : બિપિન પટેલ**

ગાય-ભેંસના દૂધમાં ખેડૂતના ભાવમાં પ્રતિ કિલો ફેટે રૂપિયા ૫૦નો ઘટાડો કરવામાં આવ્યો છે. મંડળીના ભાવમાં કોઈ ઘટાડો કરવામાં આવ્યો નથી. તેમને તો સંઘ દ્વારા રૂપિયા ૬૮૦ અને ૬૬૫ લેખે જ ચુકવણું કરવામાં આવશે. જેથી વર્ષના અંતે ફાયદો થશે.

**ખેડૂતો મુશ્કેલીમાં મુકાશે : ધનજીભાઈ ગઢવી**

શિયાળામાં ઘાસચારાની તંગી પડી રહી છે. ઉપરથી દૂધના ભાવમાં ઘટાડો કરાતા પશુ પાલકોને મુશ્કેલીઓ પડશે.



**થરાદ તાલુકા પંચાયતમાં ખેડૂતોએ હોબાળો મચાવ્યો**

થરાદમાં જુલાઈ માસમાં થયેલ પાક ધોવાણ અને જમીન નિસ્ફળના પ્રશ્નને લઈને ખેડૂતોએ તાલુકા પંચાયત કચેરી ખાતે હોબાળો મચાવ્યો હતો. થરાદ તાલુકાના અલગ અલગ ગામડાઓના ખેડૂતોએ તાલુકા પંચાયતમાં આવીને હોબાળો મચાવ્યો હતો.

# ખેડબ્રહ્મા તાલુકામાં યુરીયા ખાતરની બુમ

## તાલુકા સંઘમાં યુરીયા ખાતર આવતા ખેડૂતોની લાઈન લાગી

ખેડબ્રહ્મા, તા. ૮

ખેડબ્રહ્મા તાલુકામાં રવી સીઝન માટે યુરીયા ખાતરની ખેંચ થતાં ખેડૂતોમાં ખાતર માટે બૂમ ઉઠવા જવા પામ્યુ છે. યુરીયા ખાતરની આવકના અભાવે ખેડૂતોને જરૂરીયાત મુજબ ખાતર મળતુ નથી જેથી રવીપાકને નુકશાન થવાની ભીતી અને ખેડૂતો દ્વારા વાવેતર મજુબ ખાતરનું આયોજન કરવામાં ન આવતા યુરીયા ખાતર મળતુ ન હોવાનુ લોકો જણાવી રહ્યા છે.




પામી છે. ખેડૂતો બજારમાં દુકાને દુકાને ભટકી રહ્યા છે. ખેડૂતને એક થેલી યુરીયા ખાતર પણ મળતુ નથી. રવીપાક માટે જરૂરીયાત મુજબ યુરીયા ખાતર ન મળતા ખેડૂતોમાં રોષ જોવા મળે છે.

છેલ્લા થોડા સમયથી તાલુકામાં યુરીયા ખાતર અદશ્ય થઈ સેવાઈ રહી છે. ખેડબ્રહ્મા સંઘમાં સોમવારે બે ગાડી ખાતર આવ્યુ હોવાની સમાચારથી વહેલી સવારથી ખાતર માટે ખેડૂતોની લાઈન લાગી હતી. આ લાંબી લાઈનમાં મહીલાઓ પણ જોવા મળતી હતી. આ વર્ષે ચોમાસુ સારૂ જવાથી રવીપાકોનું વાવેતર વધવા પામ્યુ છે

આ અંગે ગુજકોમાસોલના સાબરકાંઠા જિલ્લાના લાયઝન અધિકારી દિનેશભાઈ પટેલના જણાવ્યા અનુસાર રવીપાકના વાવેતરમાં થયેલ વધારો અને હજીરા ખાતેનો ક્રિભકો યુરીયાનો એક પ્લાન્ટમાં રીપેરીંગ ચાલતુ હોવાથી યુરીયા ખાતરની ખેંચ ઉદ્ભવી છે.

# ભાજપ શાસિત પાલનપુર પાલિકાનું વધુ એક કૌભાંડ

## જવાબદારો સામે પોલીસ ફરિયાદ કરવા કલેક્ટરને કરાઈ રજૂઆત

પાલનપુર, તા. ૮

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકામાં વધુ એક કૌભાંડ બહાર આવ્યું છે. શહેરના જુના લક્ષ્મીપૂરાથી શાંતિનિકેતન સોસાયટી સુધીના સી.સી.રોડમાં રૂ. ૬૮.૯૯ લાખની ગેરરીતિ આચરાઈ હોવાના આક્ષેપો સાથે પાલિકાના જવાબદારો સામે પોલીસ ફરિયાદ કરવાની લેખિત રજુઆત પાલિકાના વિપક્ષના નેતાએ કરતા ચકચાર મચી જવા પામી છે.

વિવાદોની પર્યાય બનેલી ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા વધુ એક વખત અખબારોની સુરખિયા બટોરી રહી છે. પાલનપુર પાલિકાના વિપક્ષના નેતા અમૃત જોશીએ જિલ્લા કલેક્ટરને કરેલી લેખિત રજુઆત મુજબ, શહેરના જુના લક્ષ્મીપુરાથી શાંતિનિકેતન સોસાયટી સુધીનો સી.સી.રોડ મંજુર થયો હતો. જેની એસ્ટીમેન્ટની રકમ રૂ. ૮૧,૪૨,૪૬૩ હતી. ઉક્ત રોડના કોન્ટ્રાક્ટર તથા પેમેન્ટની ચૂકવણીની નોંધમાં સહી કરનાર એન્જિનિયર, ચીફ ઓફિસર, બાંધકામ સમિતિના ચેરમેન, પ્રમુખ-ઉપ પ્રમુખ અને શાર્પ ઈન્ફ્રાઝોનના મેળાપીપણાથી બોગસ બિલ બનાવી રૂ. ૯૧,૮૩,૩૪૬નું બિલ બનાવ્યું હતું. જેમાં રૂ. ૬૮,૯૯,૨૦૧૮૪નું કૌભાંડ આચરવામાં આવ્યું છે.

આ રોડની કામગીરી દરમિયાન, વરસાદી પાણીની પાઈપ લાઈન, મેઈન હોલ ચેમ્બર, મેટલિંગ અને સી.સી.રોડની કામગીરીમાં ખોટું માપ અને ખોટો ભાવ ભરી મસમોટું કૌભાંડ આચરાયું હોવાનું જણાવી વિપક્ષના નેતાએ જવાબદારો સામે ફોજદારી પગલાં ભરવાની માંગ કરતા ગેરરીતિ આચરનારાઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

# થરાદ ચાર રસ્તાથી દૂધ સિત કેન્દ્ર સુધીનો રોડ ફોરલાઈન બનાવવા રજુઆત કરાઈ

થરાદ નાયબ કાર્યપાલ ઈજનેર રાષ્ટ્રીય ધોરી માર્ગ વિભાગના અધિકારીને લેખિત રજુઆત કરીને જણાવવામાં આવ્યું કે થરાદ ચાર રસ્તાથી દૂધસિત કેન્દ્ર સુધીનો રોડ ફોરલાઈન કરવામાં આવે તો ટ્રાફિકની સમસ્યા પણ દૂર થાય અને આટલા આ રસ્તામાં મોટા ભાગની હોસ્પિટલો અને બેંકો આ રસ્તા પર હોવાથી લોકોને ટ્રાફિકની સમસ્યા થાય છે.

આ અંગે થરાદના જાગૃત નાગરિક તરીકે જયપ્રકાશભાઈ જોષીએ થરાદ નાયબ કાર્યપાલ ઈજનેર રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ કચેરીએ જઈ ઈજનેરને લેખિત રજુઆત કરી હતી.




**તલોદ ખાતે મહિલા સંમેલન યોજાયું**

ગુજરાત રાજ્ય મહિલા આયોગ દ્વારા નારી અદાલત અંતર્ગત મહિલા સંમેલન તલોદ પાલિકાના હોલમાં ધામધૂમથી યોજાયું. જેમાં ઘણીજ મોટી સંખ્યામાં ઉપસ્થિત મહિલાઓને નિતાબેન બારોટે શસક્તીકરણ અને સલામતી માટે તૈયાર રહેવા અને મહિલાના માન-સન્માન માટે આગળ આવવા જણાવ્યું હતું. વધપ્નમાં પુત્રી, સ્ત્રી અને માતા તથા સાસુના હોલમાં નારી દેશ અને દુનિયાભરમાં મહત્વનુ સ્થાન હોવાનું પણ ચર્ચાયુ હતુ. મહિલા સંમેલનમાં મહિલાઓને થતા અત્યાચાર અને જન્મથી માંડી અભ્યાસ અને નોકરી ધંધામાં કે સમાજમાં આજે પણ કેટલાય લોકો ભેદભાવ અને શંકાશીલ હોવાનું પણ જણાવ્યું હતું. પુત્ર કરતા પણ વધુ યોગદાન આપનાર સ્ત્રીઓનું સ્થાન હરહંમેશા મોભાદાર હોવાનું હાજર વક્તાઓએ જણાવ્યું હતું અને મહિલાના યોગદાન પાછળ સમાજ, રાષ્ટ્ર અને દુનિયાભરમાં પ્રસિદ્ધિ મહાપુરૂષોએ મેળવી છે.

# ભારત વિકાસ પરિષદ ઉત્તર પ્રાંત ગુજરાત આયોજિત લગ્નગીત સ્પર્ધામાં ડીસા શાખા પ્રથમ

ડીસા, તા. ૮

બાળકોમાં સંસ્કાર ઘડતર થાય અને વડીલોમાં રાષ્ટ્રીય અસ્મિતા જાગૃત થાય. ભુલાતા જતા ભારતીય સોળ સંસ્કારોનું મહત્વ પુનઃ પ્રસ્થાપિત કરવાના શુભ આશયથી ભારત વિકાસ પરિષદ દ્વારા જીવનના અગ્રતાના સંસ્કાર વિવાહ સંસ્કારનું જતન થાય તે માટે લગ્ન પ્રસંગે ગવાતા લગ્નગીતો, બાળકોના સારા ઉછેર માટે ગવાતા બાળ ગીતો જેવી સ્પર્ધાઓનું આયોજન કરે છે.

ચાલુ વરસે ઊંઝા શાખાના ઉત્સાહી કાર્યકર ભાઈ-બહેનો દ્વારા મા ઉમિયાના ધામ ઊંઝા નગરમાં લગ્નગીત સ્પર્ધા-૨૦૧૮નું સુંદર આયોજન થયું.

જૂની લગ્ન પ્રથા વખતે જાન બળદગાડાંમાં જતી હતી તેની યાદમાં આવનારા મહેમાનોને શણગારેલા બળદ જોડેલાં ગાડાં, શરણાઈઓના શુર અને ઢોલના ધબુકે મંડપ સ્થાન સુધી લાવવાની વ્યવસ્થા કરી હતી.

માયરામાં લગ્ન પ્રસંગને અનુરૂપ થીમ-સુંદર રંગોળી દ્વારા રજુ કરીને મહેમાનોને આવકાર્યા હતા. વડનગરના સમાજ સેવક સોમાભાઈ દામોદરદાસ મોદી તથા ઊંઝાના દાનવીરોને સત્કાર્યા. નાસીકથી લગ્નગીતોનો માહોલ જોવા આવેલા મંગલાજી લગ્નગીતોની રજૂઆતથી ખૂબ જ પ્રભાવિત થયા હતા. અહીં ૧૩ જેટલી શાખાઓની બહેનોએ પોતાની કૃતિઓ રજુ કરીને વાતાવરણને લગ્ન પ્રસંગ જેવુ બનાવ્યું હતું. આ લગ્નગીત-૨૦૧૮ની સ્પર્ધામાં ડીસા શાખાનો પ્રથમ નંબર આવ્યો હતો. સંગીત ગુરૂ આસુતોષભાઈ દવેના માર્ગદર્શન મુજબ શાખાના મહિલા સંયોજિકા ગીતાબેન ત્રિવેદી, સહ સંયોજિકા ભાવનાબેન સોની, કિંજલબેન ઠક્કર તથા સ્વર સામ્રાજ્ઞી હીનાબેન પટેલ જેવી સ્વરની આરાધક ૧૦ બહેનોએ પોતાની રજૂઆતનું કામણ પાથર્યું હતું.



# રાજ્યમાં ૧૪૨૩ ગ્રામ પંચાયોતોની ચૂંટણી જાહેર

## ચોથી ફેબ્રુઆરીના દિવસે મતદાન થશે : છઠ્ઠી ફેબ્રુઆરીએ મતગણતરી થશે : રાજ્ય ચૂંટણી પંચ દ્વારા કાર્યક્રમ જાહેર

અમદાવાદ, તા.૮

મુદત પુરી થતી હોય તેમજ વિભાજનવાળી અંદાજિત ૧૪૨૩ ગ્રામ પંચાયતોની ચૂંટણી માટેનો કાર્યક્રમ આજે જાહેર કરવામાં આવ્યો હતો. આની સાથે જ રાજકીય પક્ષોમાં ફરી એકવાર ઉત્સુકતા વધી ગઈ છે. ગ્રામ પંચાયતની ચૂંટણી હેઠળના વિસ્તારોમાં ૮મી જાન્યુઆરીથી જ આદર્શ ચૂંટણી આચારસંહિતા અમલી કરી દેવામાં આવી છે. ગ્રામ પંચાયતોમાં સરપંચ તથા સભ્યોની ચૂંટણી યોજાશે. સાથે સાથે જે ગ્રામ પંચાયતોની મુદત પુરી થવામાં એક વર્ષ કરતા વધુ સમય બાકી હોય તેમાં પ્રસંગોપાત ખાલી પડેલી બેઠકોની પેટા ચૂંટણી પણ યોજાશે. મધ્યસત્ર ચૂંટણીવાળી ગ્રામ પંચાયતોની ચૂંટણી પણ યોજાશે. ગ્રામ પંચાયતની ચૂંટણીના જાહેરનામામાં બહાર પાડવામાં આવનાર છે. ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે ચોથી ફેબ્રુઆરીએ મતદાન યોજાશે જ્યારે મતગણતરીની તારીખ છઠ્ઠી ફેબ્રુઆરી રાખવામાં આવી છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આજે જાહેરાત કરવામાં આવી હતી. કાર્યક્રમની જાહેરાત કરવામાં આવ્યા બાદ આચારસંહિતા વિધિવતરીતે અમલી કરી દેવામાં આવી છે. ચૂંટણીમાં મેદાનમાં ઉતરવા ઈચ્છુક ઉમેદવારને ઉમેદવારીપત્ર સાથે પોતાના ગુનાહિત ઈતિહાસ શૈક્ષણિક લાયકાત, મિલકત અને દેવા જેવી બાબતો અંગેની માહિતી એકરારનામા સાથે ચૂંટણી અધિકારી સમક્ષ રજૂ કરવાની રહેશે. ચૂંટણીમાં મતદાન સમયે મતદારે ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવેલા ઓળખપત્ર રજૂ કરવાના રહેશે. ઉમેદવારીપત્રોની ચકાસણીની તારીખ ૨૨મી જાન્યુઆરી રાખવામાં આવી છે. ચૂંટણી માટેનું જાહેરનામુ ૧૫મી જાન્યુઆરીના દિવસે જારી કરવામાં આવનાર છે. મતદાનનો સમય સવારે ૮ વાગ્યાથી સાંજે પાંચ વાગ્યા સુધી રહેશે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને જાળવી રાખવા માટે પુરતો પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે. ગ્રામ પંચાયતની સામાન્ય, મધ્યસત્ર, પેટા ચૂંટણીમાં ઈવીએમના ઉપયોગથી મતદાન કરવામાં આવશે. ગુજરાત હાઈકોર્ટના ૩૦મી ઓક્ટોબરના હુકમ હેઠળ નોટાનો ઉપયોગ પણ કરી શકાશે. ગ્રામ પંચાયતોની અંદાજિત સંખ્યાની વાત કરવામાં આવે તો અમદાવાદ જિલ્લામાં ગ્રામ પંચાયતોની સંખ્યા ૨૨ રહેલી છે. આણંદમાં ૧૨૫ રહેલી છે. ચોથી ફેબ્રુઆરીના દિવસે યોજાનાર સામાન્ય, વિભાજનવાળી ચૂંટણીઓ હેઠળની ગ્રામ પંચાયતોની અંદાજિત સંખ્યાનું પત્રકમાં તમામ વિગતો સ્પષ્ટપણે દર્શાવવામાં આવી છે.

### રદ થશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અંગે વધુ કડક વલણ અપનાવ્યુ છે. જયારે ફી નિયમનનો યોગ્ય અમલ થાય તે માટે શાળા સંચાલકોને પણ જરૂરી મુદ્દે અમલ કરવા માટે તાકીદ કરી છે. આજે શહેરની સે-૭ શાળા ખાતે યોજાયેલી બેઠકમાં ફી વધારાની દરખાસ્ત કરી હોય તેવી શાળાના સંચાલકો પણ હાજર રહયા હતા. જિલ્લાની ૪૦ જેટલી શાળાના સંચાલકો પૈકી ૨૪ શાળાએ ફી વધારાની દરખાસ્ત રજુ કરી હતી. જયારે ૧૬ શાળાઓ કોર્ટમાં ગઈ હતી. જયારે શાળા સંચાલકો અને જિલ્લા શિક્ષણ તંત્ર વચ્ચે યોજાયેલી બેઠખ દરમિયાન આ મામલે જિલ્લા શિક્ષણાધિકારીએ જણાંવ્યુ હતુ કે જયાં સુધી નિર્ણય ન આવે ત્યાં સુધી શાળામાં ફી ના દર નોટીસ બોર્ડ પર મુકવા માટે પણ શાળા સંચાલકોન કડક સુચના આપવામાં આવી હતી. જયારે ફી વધારે લીધી હોય તેવા કિસ્સામાં પણ ફી સરભર કરી આપવાની બાહેંધરી આપવા પણ સુચના આપવામાં આવી હતી. આ મામલે શાળા સંચાલકોએ પણ ખાત્રી આપી હતી. જયારે આ મામલે કોઈપણ ફરિયાદ મળશે તો શાળા સંચાલક પાસેથી તબક્કાવાર દંડ વસુલી કરવામાં આવશે. જેમાં પ્રથમ ફરિયાદ અન્વયે રૂ ૫ લાખનો દંડ વસુલવામાં આવશે. જયારે બીજી ફરિયાદ અન્વયે રૂ ૧૦ લાખનો દંડ કરવાનો નિર્ણય લેવાયો છે. જયારે ત્રીજી ફરિયાદ અન્વયે શાળાની માન્યતા રદ કરવા સુધીના આકરા પગલા લેવાશે તેમ પણ જિલ્લા શિક્ષણાધિકારીએ જણાંવ્યુ છે.

### મોજ કરશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વ્યય થઈ રહયો હોવાનુ ચિત્ર સ્પષ્ટ થઈ રહયુ છે. કોર્પોરેટરોને તાલીમના નામે મોટા શહેરોમાં લટાર મારવાની આદત પડી ગઈ હોય તેવો પણ આક્રોશ પ્રબળ બન્યો છે. અગાઉ નગરસેવકો ગોવા અને બેંગ્લોરમાં હવાફેર કરી આવ્યા હતા. આજે મળેલી કોર્પોરેશનની સ્થાયી સમિતિની બેઠકમાં દિલ્હીમાં એક દિવસના તાલીમ કાર્યક્રમને મંજુરી આપવામાં આવી હતી. ત્યારે હવે દિલ્હી ખાતે એક દિવસીય તાલીમના નામે નૈનિતાલ અને ઉત્તરાખંડમાં મજા માંણવા જઈ રહયા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જો કે ૩૨ પૈકી કેટલા કોર્પોરેટરો આ ટુરમાં સામેલ થશે તે હજુ નક્કી નથી પરંતુ કોર્પોરેશનના બે કર્મચારીઓનો પણ સમાવેશ કરવામાં આવશે.

### કમિશનરને રજૂઆત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બની રહયો છે. ત્યારે આર ટી ઓ કચેરીમા સ્ટાફના અભાવે વહીવટી કામગીરી પર વિપરિત અસર પડવાની સાથે અનેકવિધ પ્રશ્નો ઉઠવા પામ્યા છે. જયારે આ સ્થિતિને નિવારવા માટે સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ વિભાગના કમિશ્નરને સ્ટાફની નિમણુંક માટે રજુઆત કરવા અરજી કરી છે. જેમાં આર ટી ઓ અધિકારીએ ૨ ઈન્સ્પેક્ટર સહીત ત્રણ સિનિયર અને ૨ જુનિયર કલાર્કને નિમણુંક આપવા માટે પણ રજુઆતમાં જણાંવાયુ છે.

### ઝાંખી કરાવશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

છેલ્લા કેટલાક દિવસમાં નાણામંત્રી અરુણ જેટલીએ પણ કહ્યું છે કે, સરકાર લોકોની પાસે વધારે ફંડ છોડવા પર વિશ્વાસ કરે ચે જેથી લોકો વધુને વધુ ખર્ચ અને રોકાણ કરી શકે. અલબત્ત કોર્પોરેટ ટેક્સમાં ઘટાડો અને જીએસટીના પરિણામ સ્વરુપે રેવેન્યુ ઘટવાના લીધે સરકારને લોકોને રાહત આપવા માટે સંશાધનો શોધવા પડશે.

### મંજુરી નહી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ને તોડવામાં આવે તો, કાયદા અંતર્ગત કાર્યવાહી કરવામાં આવશે.

જિગ્નેશ મેવાણીને ભીમા-કોરેગાંવમાં દલિતોના કાર્યક્રમ દરમિયાન થયેલી હિંસા બાદ દાખલ કરાયેલ કેસને લઈને બીજેપી અને આરએસએસ પર નિશાન સાધ્યુંહતું. ૫ જાન્યુઆરીના રોજ દિલ્હીમાં પ્રેસ ક્લબ ઓફ ઈન્ડિયામાં મીડિયા સાથે વાત કરતા મેવાણીએ વડાપ્રધાન મોદીને અપીલ કરી હતી કે, દેશમાં દલિતોની વિરુદ્ધમાં થઈ રહેલી હિંસા પર ચુપ્પી તોડે. ખુદને આંબેડકરવાદી બતાવનારા પીએમ મોદી ચૂપ કેમ છે. તેમણે પોતાનુ વલણ સ્પષ્ટ કરવું જોઈએ કે, દલિતોએ શાંતિપૂર્ણ રીતે રેલીઓ કરવાનો હક છે કે નહિ. મેવાણીએ જણાવ્યું હતુ કે, ૯ જાન્યુઆરીના રોજ તેઓ સામાજિત ન્યાય માટે યુવા હુંકાર રેલી દરમિયાન તે મનુસ્મૃતિ તેમજ સંવિધાનિક પ્રત લઈને વડાપ્રધાન કાર્યાલય જશે અને મોદીને કહેશે કે, તે બંનેમાંથી કોઈ એકને પસંદ કરે.

### કાતિલ ઠંડીથી...

● અનુસંધાન પહેલાનું ચાલુ

દિવસના સૌથી ઠંડીના ગાળા ચિલાઈ કાલનમાંથી પસાર થઈ રહ્યું છે. આ ગાળો ૩૧મી જાન્યુઆરીના દિવસે પૂર્ણ થશે. બીજી બાજુ મેદાનની ભાગોમાં પણ હાલત કફોડી છે. હરિયાણાના નારનોલમાં ૦.૫ ડિગ્રી તાપમાન થયું છે. સ્કૂલ કોલેજોને બંધ રાખવાની ફરજ પડી છે. ઉત્તર પ્રદેશમાં વધુ બેના મોત થયા છે. આની સાથે જ મોતનો આંકડો ૧૨૫થી ઉપર પહોંચ્યો છે. જમ્મુ પ્રદેશમાં શહેરમાં પારો ચાર સુધી પહોંચ્યો છે. માતા વૈષ્ણોદેવી તરફ દોરી જતા માર્ગ કતરા ખાતે તાપમાન પાંચ ડિગ્રી થયું છે. ભદરવામાં માઈનસ ૧.૧ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં ધુમ્મસની ચાદર છવાયેલી છે. દેશના જુદા જુદા ભાગોમાં કાતિલ ઠંડીની સાથે સાથે તીવ્ર ધુમ્મસની ચાદર હાલમાં છવાયેલી છે. આના કારણે દિલ્હી અને એનસીઆરમાં લોકોની હાલત કફોડી બનેલી છે.

દિલ્હીથી ચાલતી અનેક ટ્રેનો લેટ થઈ છે. જ્યારે અનેક ટ્રેનો રદ કરવામાં આવી છે. ઉત્તરપ્રદેશ, રાજસ્થાન અને હરિયાણામાં પણ લોકોની હાલત કફોડી બનેલી છે. ઉત્તર ભારતમાં શીત લહેર છે. બીજી બાજુ પહાડી વિસ્તારોમાં હિમવર્ષા થઈ રહી છે. કાશ્મીરમાં ગુલમર્ગ, પહેલગામ, હિમાચલપ્રદેશ અને ઉત્તરાખંડના કેટલાક ભાગોમાં પણ હિમવર્ષા થઈ છે. કાશ્મીરના કારગીલમાં તાપમાન શુન્ય કરતા નીચે પહોંચીને માઈનસ ૧૬.૬ ડિગ્રી નીચે પહોંચી ગયુ છે. ઉત્તર પ્રદેશમાં કાતિલ ઠંડીના કારણે ગઈકાલે ૭૦ના મોત થયા બાદ વધુ ચાર લોકોના મોત થયા હોવાના અહેવાલ મળ્યા છે. જો કે, આને હજુ સુધી સમર્થન મળ્યું નથી. કાશ્મીરમાં હજુ વર્ષા અને હિમવર્ષા થઈ રહી છે. આ મહિનાની શરૂઆતથી સતત છવાયેલા રહેલા ધુમ્મસના પગલે વાહન વ્યવહાર ઉપર તેની ગંભીર અસરો જોવા મળી છે. જમ્મુ કાશ્મીરમાં કાતિલ ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. ઉત્તરપ્રદેશ અને પંજાબમાં ધુમ્મસની સૌથી ખરાબ અસર થઈ છે.